**ફોજદારી કેસ નંબર ૨૭૩૩/૨૦૨૪ નાં કામે કી. પ્રો. કોડની કલમ – ૨૫૮/બી.એન.એસ.એસ.ની કલમ – ૨૮૧ મુજબ આંક – ૧ નીચે હુકમ.**

૧. સદર કામેથી આરોપીને અનેક વખત સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે આમ છતાં પોલીસ બજવણી આરોપીને કરી શકેલ નથી અને આરોપી અન્ય સ્થળે રહેવા જતા રહેલ છે કે મળી આવતા નથી ના શેરા સાથે પ્રોસેસ પરત આવેલ છે. અથવા આરોપી કોર્ટમાં હાજર રહેલ નથી તથા આરોપીને પ્રોસેસ બજતા નથી. તેને કારણે કોર્ટનું ભારણ વધે છે. આ કામે હાલના કેસમાં પોલીસ આરોપીને હાજર રાખવામાં અનેક તક આપવા છતાં નિષ્ફળ ગયેલ છે.

૨. આ પ્રકારે નીચેની અદાલતોમાં નિષ્ક્રીય પડી રહેલા કેસો સંબંધે નામ.સર્વોચ્ચ અદાલતે એઆઈઆર–૨૦૧૨, સુપ્રિમ કોર્ટ, પેજ નં. ૩૨૧૭ માં ઓનરેબલ એચ.એલ. દત્તુ સાહેબ અને ચંદ્રામાઉલ સાહેબે રંજન દ્વિવેદી વિરુધ્ધ સી.બી.આઈ. ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ક્રીમીનલ કોર્ટોએ ઉચિત કેસોમાં સી.આર.પી.સી.ની કલમ–૨૫૮, ૩૦૯,૩૧૧ ના પાવર્સ ન્યાયના હિતમાં વાપરવા જોઈએ. હાલનું આ કેસ જોતાં, આ કેસ ઘણા સમયથી વોરંટ ઉપર ચાલે છે અને આરોપીઓ મળી આવતાં નથી.તે જ તે જ રીતે નામ. સર્વેચ્ચ અદાલતનો ચુકાદો AIR 2009 SC 1822 Houn'ble Judges:D.K.Jain and R.M.Lodha JJ. Vakil Prasad singh Versus State of Bihar વંચાણે લેતા તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, It is therefore, well settled that right to speedy trial in all criminal persecutions is an inalienable right under Art.21 of the Constitution. This right is applicable not only to the actual proceedings in court but aslo includes within its sweep the preceding police investigations as well. The right to speedy trial extends equally to all criminal prosecutions and is not confirmed to any particular category of cases. In every case, where the right to speedy trail is alleged to have been infringed, the court has to perform the balancing act

upon taking into consideration all the attendent circumstances, enumerated above, and determine in each case whether to right to speedy trial has been denied in a given case.

25 Where the court comes to the conclusion that the right to speedy trail of an accused has been infringed, the charges or the conviction, as the case may be, may be quashed unless the court feels that having regard to the nature of offence and other relevent circumstances, quashing of proceedings may not be in the interest of justice, in such a situation, it is open to the court to make an appropriate order as it may deem just and equitable including fixation of time frame for conclusion of trial.

જે ચુકાદાની હકીકતો જોતાં પણ આ કામે આરોપીના બંધારણીય હકોનો ભંગ થતો હોવાનું જણાય છે. આ જ સંબંધે નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો State of M.P., Appellant V.Kalu Thawar and another, Respondents. ધ્યાને લેતાં તેમાં ડિવિઝન બેન્ચે ઠરાવેલ છે કે, Police must always remember that it has a duty to the Court and they cannot lust send a challan and think that the rest will be done by the court.

૩. સ્પીડી ટ્રાયલનો સિધ્ધાંત જોતા તથા ક્રી.પ્રો.કોડની કલમ : ૨૫૮ વંચાણે લેતા આ કામે હાલના આરોપી સામેની કાર્યવાહી બંધ કરવામાં આવે છે અને જો આ કામમાં મુદ્દામાલ કોઈ હોય તો, તે અંગેનો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪. ભવિષ્યમાં આરોપીને અગર ફરીયાદ પક્ષ રજુ કરે કે આરોપી સામેથી હાજર થાય તો હાલની કેસ કાર્યવાહી ક્રી.પ્રો.કોડની કલમ: ૩૦૦(૫) મુજબ નવેસરથી શરુ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે

નહી તથા તેવા કીસ્સામાં આ કોર્ટ કાર્યવાહી કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.

હુકમ આજરોજ તા. ૧૧ મી, માહેં જુલાઈ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**નેશનલ લોક અદાલત**

**તા.૧૧/૦૭/૨૦૨૬**

પાટણ.

**(ડી.એમ.ચૌહાણ)**

**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ**

**તથા એડી.ચીફ જયુ.મેજી.પાટણ**

**(જજ કોડ–જીજે.૦૧૦૦૬)**